## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




# સરકારી શાળાના ગરીબ બાળકોની શિષ્યવૃત્તિ માટે વૈકલ્પિક પગલાં લો : પિન્કીબેન પટેલ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ વિદ્યાર્થીઓને ચુકવવામાં આવતી શિષ્યવૃત્તિ મેળવવા માટે સ્થાનિક કાઉન્સીલરો દ્વારા સહિ સિક્કા કરી નહિ આપવામાં આવતાં આ વાલીઓ ભારે હાલાકી અનુભવી રહ્યા છે.

કોંગીના પૂર્વ કાઉન્સીલર પિન્કીબેન પટેલે મ્યુનિ. કમિશનર અને વહીવટદાર ડૉ. ધવલ પટેલને એક પત્ર લખી આ બાબતે વૈકલ્પિક નિયત વ્યવસ્થા ઉભી કરવા માટે જણાવ્યુ છે.

પત્રમાં શ્રીમતિ પટેલે જણાવ્યુ છે કે શાળાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ થયુ છે અને વાલીઓ આ સહિ સિક્કા માટે અટવાઈ ગયા છે. મનપાની મુદત પૂર્ણ થતાં કાઉન્સીલરો છે નહિ અને ખાસ કરીને સ્લમ એરિયામાં આવેલી શાળાઓના બાળકો આ લાભથી વંચિત ના રહે તે માટે મનપાએ વૈકલ્પિક વ્યવસ્થા સાથે નિયત વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

તેમણે જણાવ્યુ છે કે સંવેદનશીલ સરકારનું સંવેદનશીલ તંત્ર આ બાબતે ઝડપથી નિર્ણય કરી ગરીબ બાળકોના વાલીઓને મદદરૂપ બને એ અત્યંત જરૂરી છે.

## ખૂણેખાંચરેથી

- રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાએ આજે તેમનો જન્મદિવસ પરિવાર સાથે અત્યંત સાદગીથી મનાવ્યો હતો.
- ગાંધીનગર આર્ટસ કોલેજ ખાતે કવિવર રવિન્દ્રનાથ ટાગોરની ૮૦મી પુણ્યતિથિ નિમિત્તે ૭મી ઓગષ્ટથી ત્રિ-દિવસીય પરિસંવાદ શરૂ થશે. આ કાર્યક્રમમાં અશોક બાજપેયી 'રવિન્દ્રનાથ કા કવિ ધર્મ'' પર વિશેષ પ્રવચન આપશે.
- આજે રાજ્યના તમામ ટી.બી. ઓફિસરોની સમીક્ષા બેઠક ગાંધીનગર ખાતે યોજાઈ હતી.
- રાજ્યની તમામ ટી.બી. હોસ્પિટલના પાઈલોટ ડ્રાયવરોએ એકત્ર થઈ કોરોનની મહામારીમાં મૃત્યુ પામેલા આરોગ્યના કર્મયોગીઓને શ્રદ્ધાંજલિ અર્પતી પ્રાર્થના સભા કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં આજે ૧૧ હજારથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ૮ હજારથી વધુ લોકોને તથા શહેરમાં ૩૮૧૪ લોકોને અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લાનો જિલ્લાકક્ષાનો વિકાસ દિવસની ઉજવણી ભોંયણ રાઠોડ ગામ ખાતે ઉજવવામાં આવશે.
- ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા ખેડૂત-ખેતી બચાવો અભિયાન અંતર્ગત માણસા એ.પી.એમ.સી. ખાતે દેખાવો યોજ્યા હતા.
- વાહકજન્ય રોગચાળાને લઈ રાજ્યના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવે તમામ જિલ્લાઓને સતર્ક રહેવા અને કેવા પગલાં લેવા તે વિશે માર્ગદર્શન આપતો પત્ર પાઠવ્યો છે.
- ધાનેરાના કુંડી ગામે ૧૦ દિવસ અગાઉ એક જ પરિવારના સાત સભ્યોને ફુટ પોઈઝનીંગ અસર થઈ હતી જેમાંથી ત્રણના મોત થતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.

# છત્રાલ પાસેથી ચોરીના બાઈક સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર એલસીબી પોલીસની ટીમે કડી પોલીસ મથક વિસ્તારમાંથી સાત દિવસ અગાઉ ચોરી કરેલા બાઈક સાથે બે શખ્સોને છત્રાલ પાસેથી દબોચી લીધા છે. પોલીસે આરોપીઓ પાસે થી રૂ.૫૦ હજારનું બાઈક રીકવર કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ અને ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા ધર્મેન્દ્રસિંહ રાજુસિંહ તેમજ અનોપસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે નંબર પ્લેટ વિનાના ચોરીના બાઈક પર બે શખ્સો છત્રાલ બાજુથી અમરીત હોયલ થઈને ઔડા તરફ નીકળે છે. જેથી પોલીસે મહેસાણા અમદાવાદ માર્ગ પર વોચ ગોઠવી છત્રાલ બાજુથી બાઈક પર આવી રહેલા મોહિત કુમાર પુનમભાઈ નાયક (રહે નાયકવાસ ભવપુરા તા.કડી)તેમજ રવિરાજસિંહ રણજીતસિંહ ઝાલા (રહે. હરીકિષ્ના સોસાયટી છત્રાલ રોડ કડી) ને પકડી પાડ્યા હતા. પોલીસે બંન્ને શખ્સોને બાઈક અંગે પુછતા તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા.જેથી પોલીસે વધુ ઉંડાણપૂર્વક પુછપરછ કરતા ગત તા.૩-૭-૨૧ ના રોજ રાત્રીના સમયે તેમને બંન્નેએ ભેગા મળી છત્રાલ કડી માર્ગ પર આવેલા ગોવિંદ ગ્લાસ કંપનીની દિવાલ પાસેથી રાત્રીના સમયે બાઈક ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. પોલીસે રૂ.૫૦ હજારની બાઈક કબ્જે કરી બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




## વય નિવૃત મહિલા કર્મચારીનું વડીલો દ્વારા સન્માન

શહેરના ઘ-૨ વિસ્તારમાં સોડાની લારી ચલાવતા મહેન્દ્ર કાકા સોડાવાળાના ધર્મ પત્ની નિનાબેન મહેન્દ્રભાઈ જયસ્વાલ આરોગ્ય વિભાગમાં વિરમગામના મણીપુરા ગામે પીએચસી સેન્ટર ખાતે ૩૬ વર્ષ ફરજ બાદ વય નિવૃત થયા છે. ત્યારે સેકટર-૨ અને ૩ ના સિનિયર સિટીઝનો દ્વારા નિનાબેનનું ફુલહાર પહેરાવી સન્માન કર્યું હતું. નિવૃત જીવન તેઓનું સુખમય અને શાંતિમય પસાર થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# ધણપ પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલક યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૫

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ધણપ ગામની સીમમાં શ્રીજી ગેસ પંપની સામે ગતરોજ રાત્રીના સમયે અજાણી કારની ટક્કરે બાઈક ચાલક યુવકનું ગંભીર ઈજાને પગલે મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર તાલુકાના દોલારાણા વાસણા ગામે રઘાફળી વાસ ખાતે રહેતા સુરેન્દ્રસિંહ નવલસિંહ રાઠોડના બે મોટાભાઈઓનું અવસાન થઈ ચુક્યું છે. જેમાં મોટાભાઈ રતનસિંહ રાઠોડના પરિવારમાં મોટી દિકરી જશુબા, તેમજ દિકરો જયેન્દ્રસિંહ છે. ગતરોજ મોડીરાતે સુરેન્દ્રસિંહ ઘરે સુઈ ગયા હતા. તે સમયે તેઓને જાણ થઈ કે તેમના ભત્રીજા જયેન્દ્રસિંહને હાઈ વે માર્ગ પર ધણપ ગામની સીમમાં શ્રીજી ગેસ પંપ પાસે અકસ્માત થયો છે. જેથી સુરેન્દ્રસિંહ તેમજ પરિવાર સભ્યો સ્થળ પર પહોંચી ગયા હતા. જયા માર્ગ પર જયેન્દ્રસિંહ મૃત હાલતમાં મળી આવ્યા હતા. બનાવ અંગે તપાસ કરતા સુરેન્દ્રસિંહ જાણવા મળ્યું હતું કે જયેન્દ્રસિંહ બાઈક નં. જી.જે.૧૮.સી.કયું.-૮૧૩૨ લઈને રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં આ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે કોઈ અજાણી કારના ચાલકે પોતાનું વાહન પુરઝડપે ગફલતભરી રીતે હંકારી બાઈકને અડફેટે અકસ્માત સર્જીને ભાગી ગયો હતો. જેથી બાઈક પર સવાર જયેન્દ્રસિંહ માર્ગ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓને પગલે ઘટનાસ્થળે જ જયેન્દ્રસિંહનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. બનાવ અંગે ચિલોડા પોલીસે અજાણી કારના ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## મહિલા પતંજલિ યોગ સમિતિ

ગાંધીનગરની મહિલા પતંજલિ યોગ સમિતિ દ્વારા આચાર્ય બાલકૃષ્ણના જન્મદિવસને જડીબુટ્ટી દિવસના રૂપમાં ઉજવવામાં આવ્યો હતો જેમાં યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમિતિના રાજ્ય કાર્યકારણી સદસ્ય ઈલાક્ષી બેન વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત ગીતાબેન, ઉર્મિલાબેન, હેમલતાબેન, ભાવનાબેન, અસ્મિતાબેન, જાગૃતીબેન, ગોપીબેન, હેતલબેન, રશ્મિબેન તથા મહિલા જિલ્લા પ્રભારી નેહાબેન તથા અન્ય યોગ શિક્ષિકા બહેનો તેમજ યોગ સાધક ભાઈ બહેનો ઉપસ્થિત રહી જડીબુટ્ટી વિતરણ તથા વૃક્ષારોપણ કરી પ્રકૃતિની રક્ષાનો પ્રયાસ કરવા સાથે આયુર્વેદ દ્વારા નિરોગી રહેવા માટેની માહિતી નાગરિકોને આપી હતી. આ પ્રકારના અન્ય બે કાર્યક્રમ ભાવનાબેન તથા અડાલજમાં નેહાબેન દ્વારા પણ યોજવામાં આવ્યાં હતા.

सत्यमेव जयते
ગુજરાત સરકાર

૫ વર્ષ આપણી સરકારના
સૌના સાથથી સૌના વિકાસના...

રોજગાર દિવસ



કોરોનાનાં કપરા કાળમાં પણ
ગુજરાતનો બેરોજગારી દર
દેશમાં સૌથી નીચો



૬૦,૦૦૦ યુવાનોને
એક જ દિવસે
નિમણૂક પત્રો આપી
રોજગારીના
ક્ષેત્રે અગ્રેસર ગુજરાત



રાજ્યભરમાં રોજગાર દિવસે યોજાનાર કાર્યક્રમો

- રાજ્યનાં તમામ જિલ્લાઓમાં અને મહાનગરપાલિકાનાં **કુલ ૫૨ સ્થળોએ મેગા જોબફેર** અને **નિમણૂક પત્રોના** વિતરણ અંગેના કાર્યક્રમો
- કોરોનાનાં કપરા કાળમાં પણ સામાન્ય વહીવટ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ સહિત અન્ય સરકારી વિભાગોમાં **શિક્ષણ સહાયક, નર્સ** જેવા વિવિધ સંવર્ગમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી તેમજ બોર્ડ-કોર્પોરેશનો તથા ખાનગી ક્ષેત્રોમાં આપી મહત્તમ રોજગારી: **પસંદગી પામેલા અંદાજે ૬૦ હજાર યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવશે**
- "અનુબંધમ્" રોજગાર પોર્ટલનો શુભારંભ: **રોજગારદાતા** અને **રોજગાર વાંચ્છુઓ** વચ્ચે **ડિજિટલ પહેલ**થી રચ્યો રોજગારી મેળવવાનો **સુદ્રઢ સેતુ**

રોજગાર દિવસનો મુખ્ય કાર્યક્રમ

મુખ્ય મહેમાન

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

વિશેષ ઉપસ્થિતિ

ઊર્જા મંત્રીશ્રી **સૌરભભાઈ પટેલ** | સંસદ સભ્યશ્રી **સી.આર.પાટીલ**

**તારીખ:** ૬.૮.૨૦૨૧, **સમય:** સવારે ૧૦.૦૦ કલાકે, **સ્થળ:** સુરત

રાજ્યના યુવાનોને કૌશલ્યથી સક્ષમ બનાવી રોજગારીની તકો પૂરી પાડવા માટે ગુજરાત સરકાર પ્રયત્નશીલ છે.

- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત